એલ.સી.બી./ /૦૪
પોલીસ અધિક્ષકની કચેરી
ગાંધીનગર.તા. /૦૨/૦૪

# <u>ઓપરેશન – ૧૦૦</u>

## ( ગાંધીનગરશહેર નાકાબંધી )

---

ગાંધીનગર શહેરમાં બનતા મિલ્કત સબંધી તેમજ અન્ય સીરીયસ અકસ્માત અગર શરીર સબંધી ગુન્હા સમયે ગુન્હેગાર ગુનો કરી શહેર બહાર ભાગી જતા હોય છે. ગાંધીનગરની રોડ રસ્તાની પરિસ્થિતી ગુન્હેગાર માટે સરળતાથી ગમે તે રોડ ઉપર નજર ચુકવી ભાગી જવામાં સરળ રહે તેવી છે. આ પરિસ્થિતીને રોકવા શહેર બહાર જવાના મહત્વના કુલ દશ ( ૧૦ ) એકઝીટ પોઈન્ટ નકકી કરવામાં આવેલ છે. ત્યાં એક ટેન્ટ વાયરલેસ સેટ સાથે જરૂરી પોલીસ / એસ.આર.પી. તથા મોટરસાયકલ / મોબાઈલના હોલ્ટીગ પોઈન્ટ રાખી જયારે પણ ડિસ્ટ્રીકટ કંટ્રોલ રૂમ દ્વારા – **" ઓપરેશન–૧૦૦ "** નો કોલ મળે ત્યારે આ બહાર નિકળવાના પોઈન્ટો શહેર બહાર જતો ટ્રાફિક બેરીયર / વાયરથી કરેલ સુવિધાથી બંધ કરી પાંચ–દશ મીનીટ માટે ટ્રાફિક બ્લોક કરી દેશે. જેથી ગુન્હેગાર સરળતાથી ભાગી શકે નહી. ડિસ્ટ્રીકટ કંટ્રોલ રૂમ દ્વારા "ઓપરેશન–૧૦૦"ના કોલ તમામ મોબાઈલ, મોટરસાયકલ તથા ઓફીસર વ્હીકલ માટે આપવામાં આવે કે તુરતજ નીચે જણાવેલ એકઝીટ પોઈન્ટો ઉપર રવાના થવુ કંટ્રોલે કોલ આપતી વખતે ટાઈમ આપવો અને મોબાઈલ, મોટરસાયકલ તથા ઓફીસર વ્હીકલ તેમના નિર્ધારીત પોઈન્ટ ઉપર પહોચે કે તુરતજ કંટ્રોલ રૂમને જાણ કરી ટાઈમ મેળવી લેવો. તેમજ જણાવ્યા મુજબ અમુક ઓફીસર વ્હીકલ / મોબાઈલોએ બનાવ સ્થળથી ત્હોમતદાર જે દિશામાં ભાગેલ હોય તે તરફ અનુમાનથી રસ્તાઓ ઉપર તુરતજ ચેકિંગ કરવા જવુ.

"ઓપરેશન–૧૦૦"નો કોલ આપ્યા બાદ તુરતજ બનેલ ગુન્હા અંગે મળેલ હકીકતની ટુંક વિગત વર્ણન તથા વાહન નંબર, બનાવટ તથા ભાગવાની દિશા વિગેરેની માહિતી સર્વે મોબાઈલોને આપવી જેથી કરી નાકાબંધીમાં રોકાયેલ તંબુ ઉપરનો સ્ટાફ તથા મોબાઈલ સ્ટાફને ગુન્હેગારની તપાસ કરવામાં ઉપયોગી બનશે.

"ઓપરેશન–૧૦૦"નો કોલ સમગ્ર તંત્રને એકજ કોડવર્ડથી એક સુચનામાં જોડી ગુન્હેગારને જબ્બે કરવા માટે અતિ મહત્વનું છે. જેથી વી.વી.આઈ.પી. બંદોબસ્ત / અતિ અગત્યની તપાસના કારણો સિવાય દરેક વાહને ટોચ અગ્રતા આપી નિર્ધારીત પોઈન્ટે શકય તેટલી ઝડપે પહોચી જવુ. વ્યાજબી કારણો સિવાય મોડા પહોચવું તે ફરજ પ્રત્યેની ઉત્પેક્ષા અને ઉદાસીનતા ગણી શિક્ષાત્મક પગલાં લેવા સુધીની ફરજ પડશે તે મુદ્દો ધ્યાને રાખી આ સ્કીમનો જીલ્લામાં બનતો કોઈપણ ગુન્હો મારી હદ નથી તેવી માનસીક ત્યજી સમગ્ર જીલ્લો મારી હદ છે તેવો અભિગમ દાખવી ગુન્હેગારને ઊગતોજ ડામી દેવો તે આપણી સૌથી પ્રથમ ફરજ ( પ્રાઈમ ડયુટી ) ગણી કામ કરવાનું રહેશે. સર્વે અધિકારી તથા સ્ટાફે ગંભીરતાથી અમલ કરવો. કોઈ સંજોગોમાં ઈન્ચાર્જ અગર એકાદ બે સ્ટાફના માણસો હાજર ન હોય તો તેને લેવામાં વિલંબ કરવો નહી. તેઓ પાછળથી નિર્ધારીત આવે તેવા મેસેજ આપી રવાના થઈ જવુ.

લાંબા સમયથી ઘણા ગુન્હાઓ અનડીટેકટ રહેલ છે. અને ડીટેકટ નહી થવાથી ગુન્હેગારનો ગુન્હો કરવાનો ઈરાદો વધુ મજબુત થાય છે ત્યારે પોલીસદળે આ પડકારને ઝીલી હકારાત્મક અભિગમથી '' ઓપરેશન–૧૦૦ '' અતિ મહત્વનું ઓપરેશન ગણી કડક ચેકીંગ કરવાથી ૧૦૦ ૮ ઓપરેશન સફળ નિવડશે. તેમજ પાંચ મીનીટ ટ્રાફિક બ્લોક કર્યા બાદ સ્ક્રીનીંગ કરી વ્યાજબી લાગતા વાહનોને ધીરેધીરે જવા દેવા જેથી ગુન્હો કરેલ વાહન ચાલક ભાગવામાં સફળ થઈ શકશે નહી.

ગાંધીનગર શહેરથી બહાર જવાના પોઈન્ટ નીચે મુજબ છે.

| અ.નં. | પોઈન્ટનું નામ | મોબાઈલનો પોઈન્ટ |
|---|---|---|
| ૧ | ઈન્દ્રોડા સર્કલ. | પીટર– ૨ |
| ૨ | ઘ–૦ ( યોગી પેટ્રોલપંપ ચાર રસ્તા ) | ટાઉન–૨ |
| ૩ | ગ–૦( સેકટર–૫ કોર્નર ત્રણ રસ્તા ) | ક્રાઈમ–૨ |
| ૪ | સરિતા ઉદ્યાન ( ત્રણ રસ્તા ) | મોટરસાયકલ સે.૨૧ પો.સ્ટે. |
| ૫ | સેકટર–૩૦ સર્કલ<br>( જી.ઈ.બી. ત્રણ રસ્તા ) | ટાઉન–૧ |
| ૬ | જી.ઈ.બી. ચોકડી પાણીની ટાંકી<br>( પેથાપુર રોડ, ચરેડી છાપરા) | પીટર–૧ |
| ૭ | ક–૭ ત્રણ રસ્તા ( રાંધેજા રોડ ) | કયુ.આર.સી. મોબાઈલ<br>અથવા મો.સા. |
| ૮ | કોલવડા ચોકડી આવેલ રેલ્વે ફાટકે.<br>સેકટર–૨૫. | ક્રાઈમ–૧ અથવા<br>ક્રાઈમ મો.સા. |
| ૯ | ટાટા ચોકડીએ રેલ્વે ફાટકે .<br>સેકટર–૨૫ જી.આઈ.ડી.સી. | મો.સા. સેકટર–૨૧ |
| ૧૦ | વાવોલ ફાટક.<br>સેકટર–૫(સી) કોર્નર. | મો.સા. સેકટર–૭ |

ઉપરોકત પોઈન્ટો નાકાબંધી સિવાય પણ મોબાઈલના હોલ્ટીંગ પોઈન્ટ તરીકે ગણવા કે જે ઓકવર્ડ સમયમાં આ પોઈન્ટો ઉપર ફ્રી હોય તેવી મોબાઈલ હોલ્ટ રહેશે.

ટેન્ટ પોઈન્ટના પોલીસ / એસ.આર.પી.ના માણસો તેમને ઓપરેશન–૧૦૦નો કોલ મળ્યેથી ગાંધીનગર બહાર જતો ટ્રાફિક રોકી દેશે બેરીયર / વાયરથી બ્લોક કરી અને મોબાઈલ આવી ગયા બાદ ચેકિંગ કરી ધીમે ધીમે ટ્રાફિક જવા દેશે ટેન્ટ ઉપરના માણસોએ વાયરલેસ સેટનો બહાર સુધી અવાજ સંભળાય તેમ રાખવો. જેથી તાકીદની પરિસ્થિતીમાં મેસેજ સરળતાથી કન્વે કરી શકાય.

" ઓપરેશન–૧૦૦ " ના કોલ સમયે ગાંધીનગર શહેર આસપાસના ડભોડા, અડાલજ, પેથાપુર, ઉવારસદ–ઓ.પી.( મોટરસાયકલ), ઉનાવા ઓ.પી. વિગેરેનાઓ તેમના પો.સ્ટે.થી ગાંધીનગર શહેર તરફ પેટ્રોલીંગ કરી આવશે. તથા કંટ્રોલ રૂમે આપેલ વર્ણન / વાહનની તપાસ કરશે. નીચે જણાવ્યા મુજબ તેઓ નિર્ધારીત એન્ટ્રી પોઈન્ટો પર બહારથી ગાંધીનગર આવશે.

| અ.નં. | **મોબાઈલ** | **પોઈન્ટનું નામ** |
|---|---|---|
| ૧ | અડાલજ – ૧ | ઉવારસદ ચોકડી |
| ૨ | ચાંદખેડા–૧ | કોબા સર્કલ |
| ૩ | સી.પી.આઈ. અડાલજ. | ગ–૦ |
| ૪ | પેથાપુર– ૧ | પેથાપુર ચોકડી. |
| ૫ | ડભોડા–૧ | ચિલોડા ચાર રસ્તા. |
| ૬ | સી.પી.આઈ. ગાંધીનગર | અક્ષરધામ ટી રોડ ઉપર. |
| ૭ | ઉવારસદ ઓ.પી. ( મો.સા.) | ટીંટોડા ચાર રસ્તા. |
| ૮ | ઉનાવા ઓ.પી. (મો.સા.) | રાંધેજા ચાર રસ્તા. |
| ૯ | હાઈવે ટ્રાફિક. | ઘ–૦. |
| ૧૦ | જીલ્લા ટ્રાફિક. | ઘ–૫ સર્કલ. |

ઉપરોકત પોઈન્ટો ઉપર આવી મેસેજ આધારે વાહનોની ચકાસણી કરશે. ગુન્હો બનેલ હોય તે સ્થળે સ્થાનીક પો.ઈન્સ. / પો.સ.ઈ. એક વાહન સાથે પહોચી જશે અને ત્યાં આજુબાજુથી મળેલ માહિતીની વધુ વિગત કંટ્રોલ દ્વારા નાકાબંધીના પોઈન્ટો ઉપર પુરી પાડશે જેથી અસરકારક ચેકિંગની કામગીરી થઈ શકે.

સમગ્ર ઓપરેશન અમારી સીધી દેખરેખ નીચે રહેશે. અમો કોઈ કારણોસર બહાર હોય તો જઈજ્ઞ શ્રી ઈન્ચાર્જ રહેશે. આ ઓપરેશનમાં અધિકારી / સ્ટાફની સતર્કતા ચકાસવા રીહર્સલ તથા આકસ્મીક ચકાસણી પણ કરવામાં આવશે.

**સુચનાઓ :–**

(૧) **"ઓપરેશન–૧૦૦"** માટે નકકી કરેલ વાહન બહાર ગયેલ હોય અગર ઓફ રોડ હોય તો તુરત જ કંટ્રોલને જાણ કરવી જેથી અન્ય વ્યવસ્થા કરી શકાય.

(૨) **"ઓપરેશન–૧૦૦"**નો કોલ ખુબજ ગંભીર બાબત ગણી અન્ય કામો પડતા મુકી નિર્ધાર પોઈન્ટો ઉપર મોબાઈલે પહોચી જવુ.

(૩) ઈન્ચાર્જ અધિકારીની રજા / કોર્ટ વિગેરે કામે બહાર હોય ત્યારે તેમની નીચેના અધિકારી / સ્ટાફે શકય તેટલી વહેલી ત્વરાએ પહોચી નાકાબંધી શરૂ કરી દેવી.

(૪) કંટ્રોલ રૂમની ચેનલ બીન જરૂરી જામ કરવી નહી.

(૫) વાયરલેસ પો.ઈન્સ.શ્રીએ મુકવામાં આવેલ સ્ટેટીક પોઈન્ટ ઉપર વાયરલેસ તથા વીજ વ્યવસ્થા કરવામાં જરૂરી સગવડ કરવી.

(૬) રી.પો.સ.ઈ.શ્રી હેડ કવાર્ટર ગાંધીનગરનાઓએ ઉપર જણાવેલ ૧૦ પોઈન્ટો ઉપર તંબુ ઉભા કરવાની તથા પોલીસના માણસો ફાળવવાની કામગીરી કરવાની રહેશે.

( આર.બી.બ્રહ્મભટ્ટ )
પોલીસ અધિક્ષક
ગાંધીનગર જીલ્લો

પ્રતિ,
નાયબ પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર / કલોલ વિભાગ.
સી.પી.આઈ.શ્રી ગાંધીનગર / અડાલજ.
પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સેકટર–૨૧, સેકટર–૭, કંટ્રોલરૂમ, વાયરલેસ, એલ.સી.બી.
પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, અડાલજ, પેથાપુર, ડભોડા, કયુ.આર.સી.,રીડર.